

₹ ૧૫/-

# દિન એક

# પ્રભુ અર્પણ

જાન્યુઆરી - ૨૦૧૬

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

*

એક વાર યોગનો સ્વીકાર કરી લીધા પછી તમારે માત્ર એક જ કામ કરવાનું રહે છે. અને તે એ કે તમારે એ નિશ્ચય બરાબર કરી લેવો જોઈએ કે હવે ભલે ગમે તે બને, ગમે તેવી મુશ્કેલીઓ ઊભી થાય પણ યોગના અંત સુધી પહોંચવું છે. કોઈ માણસ માત્ર પોતાની શક્તિને આધારે કદી યોગની સિદ્ધિ પામી શકતો નથી. એ સિદ્ધિ તો તમારી ઉપર આવી રહેલી એક વધુ મહાન શક્તિ દ્વારા આવશે. એ શક્તિને તમે પુકાર કરતા રહો. હરેક પલટાતી પરિસ્થિતિમાં એ પુકારને ટકાવી રાખો – એ રીતે આ સિદ્ધિ આવશે.

શ્રી માતાજી

(શ્રી માતાજી : દિવ્યસ્વરૂપ : પૃ-૬૪)

જેઓ સત્યની સેવા કરવાના પોતાના નિશ્ચય પ્રત્યે દિલની સચ્ચાઈ ધરાવે છે તેઓએ સત્યની સેવા કરવા માટે શું કરવું તેની તેઓને પ્રત્યેક ક્ષણે જાણ થઈ જશે, અથવા તો તેઓને એ જણાવવામાં આવશે. સત્યની સેવા કરવાના અનેક માર્ગો છે.

શ્રી માતાજી

(On the Mother : P 726)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જાન્યુઆરી – ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૧



## અતિમાનસ આવિર્ભાવ

**એનો સત્કાર કરવામાં આવશે.**

Botanical name: Scadoxus multiflorus [Haemanthns multiflorus]

**January 2016**

| *Sun* | *Mon* | *Tue* | *Wed* | *Thu* | *Fri* | *Sat* |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| 31 | | | | | | |
| | | | | | | |



ભૂતકાળ થયો દીર્ણ શિવના ઘોર તાંડવે, ....
દેદીપ્યમાન મેં દીઠા અગ્રગામી સર્વસામર્થ્યવંતના,
વળતી જીવન પ્રત્યે તે કિનારી ઉપરે સ્વર્ગલોકની,
અંબરે નિર્મિતા સીડી જન્મની, તે પરે થઈ
તેઓ નીચે ટોળે ટોળે ઊતરી આવતા હતા;
દિવ્ય વૃન્દતણા અગ્રદૂત તેઓ પ્રભાત-તારકાતણા
પંથોમાંથી નીકળીને પ્રવેશતા
નાની શી કોટડીમાંહે મર્ત્યભાવી આપણી જિંદગીતણી.
જોયા મેં તેમને પાર કરતા યુગકાળની
ઝાંખી શી સાંધ્ય જ્યોતિને
સૂર્યચક્ષુ હતા તેઓ બાળકો કો ચમત્કારી ઉષાતણા,
હતા મહાન સ્રષ્ટાઓ,
વિશાળ તેમનાં ભાલે હતી શાંતિ વિરાજતી,
વિશ્વ કેરા મહાકાય બાધાબંધોતણા એ ભંજકો હતા,....
એમને પગલે એક દિન દુઃખી દુનિયા પલટી જશે
ને ન્યાય્ય ઠરશે જ્યોતિ છે જે પ્રકૃતિને મુખે.

(આ અંકમાં ‘સાવિત્રી’ની પંક્તિઓનો શ્રી પૂજાલાલે કરેલો અનુવાદ લીધો છે)

Savitri : 343-44



## અતિમાનસ પક્ષી

**એ જ્યાં અવતરણ કરે છે ત્યાં એ નિવાસ કરે છે**

Botanical name: Strelitzia reginae, (Bird of paradise, Crane flower)

**February 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | | | | | |
| | | | | | | |
| | | | | | | |



સારી પ્રકૃતિ એને જ છે બોલાવી રહેલી મૂકભાવથી,
કે એના ચરણસ્પર્શે એ અનામય દે કરી
પીડાપૂર્ણ પ્રાણના ધબકારને,
માનવીના તમોગ્રસ્ત આત્મા પર મરાયલી
તોડે સીલ સમસ્તને,
ને પ્રદીપ્ત કરે અગ્નિ પોતાનો એ
વસ્તુઓના બંધ હૃદયની મહીં.
છે અહીં તે બધું એક દિન ધામ એના માધુર્યનું થશે,
પરસ્પર વિરોધી છે જે બધું તે
એની સંવાદિતા સજ્જ બનાવશે;
આપણું જ્ઞાન આરોહી રહ્યું છે એહની પ્રતિ,
એને માટે જ મારે છે ભાવ ફાંફાં બની ઉત્કટ આપણા,
નિવાસ આપણો થાશે આશ્ચર્યોએ ભર્યા એના પ્રહર્ષણે,
એના આશ્લેષમાં દુઃખ આપણું પલટાઈને
મહામોદ બની જશે.

Savitri : 314-15



## અતિમાનસ પ્રકાશ માટે શરીરમાં અભીપ્સા

ઝૂમખાંબદ્ધ, ખંતીલા, હઠીલા, સંગઠિત, વ્યવસ્થિત.

Botanical name: Ixora javanica [Ixora singaporensis]

**March 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | 31 | | |
| | | | | | | |
| | | | | | | |



‘‘દૈવી ઓ દુઃખની! માતા દિવ્ય વિષાદની!
અસહ્ય વિશ્વનો શોક સહેવાને
તું અંશ મુજ આત્માનો એક આગે કરેલ છે.
છે તું તેથી જનો તાબે થાય ના વિધિદંડને,
પરંતુ સુખને માટે પ્રાર્થે, દૈવ સામે રહે ઝઝૂમતા;
છે તું તેથી અભાગીઓ આશા રાખી શકે હજી.
પરંતુ તુજમાં શક્તિ છે આશ્વાસનની, અને
પરિત્રાણતણી નથી.
બળની આપવાવાળી બની પાછી આવીશ દિન એક હું,
અને શાશ્વતને પ્યાલે પિવડાવીશ હું તને;
પ્રભુના શક્તિના સ્રોતો તારા અંગેઅંગમાં વિજયી થશે
અને પ્રજ્ઞાતણી શાંતિ
ભાવાવેશે ભર્યા તારા હૈયાને રાખશે વશે.
તારો પ્રેમ બની જાશે બંધ માનવજાતિનો,
અને તારો દયાભાવ રાજમાન થતો રાજા બની જશે
કાર્યો કેરો નિસર્ગનાંઃ
વિલોપાઈ જઈ દુઃખ ગુજરી જગથી જશે;
સૃષ્ટિ મુક્ત બની જાશે પશુ કેરા પ્રકોપથી,
રાક્ષસી ક્રૂરતામાંથી ને એના કષ્ટમાંહ્યથી,
હરહંમેશને માટે શાંતિ ને શર્મ ત્યાં હશે.’’

Savitri : 507-08



## અતિમાનસ સમૃદ્ધિ

**સમૃદ્ધિ જે અતિમાનસના નિયમન હેઠળ છે અને માનવથી જે હજુ અજાણ છે.**

Botanical name: Selenicereus

April 2016

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| | | | | | | |
| | | | | | | |



‘‘મહાબલતણી માતા! માતા કર્મોતણી ને માત ઓજની,...

એક દિવસ આવીશ પાછી હું જ્યોતિને લઈ,
ત્યારે આદર્શ આપીશ હું તને પરમેશનો;
પ્રભુ જેહ પ્રકારે તે પ્રકારે તું જોશે જીવાત્મ ને જગત્
પ્રતિબિંબન પામેલાં ચૈત્યાત્માના તારા સ્વચ્છ સરોવરે.
જેવી વિશાળ છે તારી શક્તિ તેવું જ્ઞાન તારું બની જશે.
પછી માનવ હૈયામાં ઝેરવેર જેવું રે'શે નહીં કશું.
જીવનોને મનુષ્યોના તજી જાશે ભય ને બલહીનતા,
શમી અંતરમાં જાશે અહંતાનો અવાજ, ને
વિશ્વને ભોજ્યને રૂપે
દાવા સાથે માગનારી એની સિંહગર્જનાય શમી જશે,
મહાબલ બની જાશે બધું, જાશે બની સર્વ મહામુદા
અને શક્તિ સુખે ભરી.’’

Savitri : 513-14



## સંપૂર્ણ અતિમાનસ પ્રકાશમાં ચેતનાની ઉત્કટતા

**જગતને પ્રકાશિત કરવા માટે એ ઝળહળી ઊઠે છે, પ્રકાશે છે.**

Botanical name: Helianthus, Common name: Sunflower

## May 2016

| *Sun* | *Mon* | *Tue* | *Wed* | *Thu* | *Fri* | *Sat* |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |
| 29 | 30 | 31 | | | | |
| | | | | | | |
| | | | | | | |



''દૈવી જ્યોતિર્મયી, માતા આનંદ અથ શાંતિની,....

તું છે તેથી જતો આત્મા પ્રભુ કેરી સમીપમાં,
તું છે તેથી વૃદ્ધિ પામે પ્રેમ વિદ્વેષ છે છતાં,
ને રાત્રિગર્તમાં જ્ઞાન ચાલે વણહણાયલું....

વિભાઓ વરસાવે તું અંતઃસ્ફુરિત જ્ઞાનની
તે છતાં માનવી કેરું મન એને પૃથ્વીની માનશે પ્રભા,
આધ્યાત્મિક અહંભાવે ડૂબશે આત્મ એહનો,
કે જ્યાં પ્રભુતણી શુભ્ર છાયામાત્ર આવવાને સમર્થ છે
ત્યાં સાધુત્વતણી દીપ્ત કોટડીમાં પુરાયલો
                    ચૈત્ય એનો રહેશે સ્વપ્ન સેવતોઃ
તારે ઉછેરવાની છે ભૂખ એની શાશ્વત વસ્તુ કાજની
ને સ્વર્ગ્ય અગ્નિએ એનું ભરવાનું છે હૈયું તીવ્ર ઝંખતું,
પ્રભુને આણવાના છે એના
                    દેહ અને જીવનની મહીં
પ્રભુને હાથ શું હાથ મિલાવીને,
                    હું આવીશ ફરીથી એક દી અહીં
અને તું મુખડું જોવા પામશે પરમાત્મનું.
સંપાદિત થશે ત્યારે પ્રાણિગ્રહણ પાવન,
પ્રભુનો જન્મશે ત્યારે પરિવાર ધરાતલે.
હશે પ્રકાશ ને શાંતિ સઘળાં ભુવનો વિષે.''

Savitri : 520



# અતિમાનસ સૂર્ય

આપણે અભીપ્સા સેવીએ છીએ :

અતિમાનસ સૂર્યનાં કિરણો આપણને પ્રકાશિત કરી આપણું રૂપાંતર કરી આપશે.

Botanical name: Anthocephalus cadamba Common name : Kadam tree

**June 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 |
| 26 | 27 | 28 | 29 | 30 | | |
| | | | | | | |
| | | | | | | |



પરંતુ પ્રભુના પારમહીં આથી વધારે છે છુપાયલું
જે એક દિન પોતાનું મુખ ગુપ્ત પ્રકાશશે....

એનો અશ્રાંત આરોહ મને માત્ર સમાપ્તિ પામતો નથી,
છે અગ્નિ એક આવેલો શિખાગ્રે ભુવનોતણા,
છે ધામ એક આવેલું જ્યોતિનું શાશ્વતાત્મની.
અનંત સત્ય છે એક, કેવલા એક શક્તિ છે.
આત્મા કેરું મહા-ઓજ છદ્મવેશો નિજ દૂર ફગાવશે;
એનું માહાત્મ્ય લ્હેવાશે રૂપ દેતું વિશ્વના ગતિ-માર્ગને.
પડદા વણના સ્વીય રશ્મિઓમાં થશે દર્શન એહનું.
અચિત્‌ની રાત્રિમાંહેથી સિતારો એક ઊગતો,
પરા પ્રકૃતિને શૃંગે આદિત્ય અધિરોહતો. ....

થોડાક કરશે ઝાંખી ચમત્કારક મૂલની,
અને થોડાક તારામાં લહેશે ગૂઢ શક્તિને,
મળવા વળશે તેઓ અનામી ચરણધ્વનિ,
જતા સાહસિકો એ જે પ્રવેશાર્થે બલવત્તર વાસરે.
પરિબદ્ધ કરી દેતા મન કેરા વિસ્તારોમાંહ્યથી ચઢી
શોધી એ કાઢશે જંગી યોજના જગતીતણી,
માંડશે પગલાં તેઓ સત્ય-ઋત-બૃહત્‌મહીં.

Savitri : 704



## ઈશ્વર માટે અતિમાનસ આસક્તિ

**બહુવિધ અને હાસ્ય કરતી, પોતાની જાતને અનંતપણે પુનરાવૃત્ત કરતી રહે છે.**

Botanical name: Botanical Rosa (Rose)

**July 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| 31 | | | | | | |
| | | | | | | |




તે દરમ્યાન દેવર્ષિ સ્વરનો મેળ મેળવી
બોલ્યા વર્ણવતા મોટા શ્રમો માનવ જાતના,
ને પૃથ્વી પર દેવો શા માટેનો શ્રમ સેવતા
તે વાણીમાં કર્યું વ્યક્ત,
જે આશ્ચર્ય અને ગુહ્ય દુઃખ પાછળ છે રહ્યાં
તેનો સસ્પંદ આનંદ ગાયો છંદોમય સ્વરે.
તેઓ પાસે કર્યું ગાન પ્રેમના ઉર-પદ્મનું,
જ્યોતિર્મયી કળીઓ જ્યાં સત્ય કેરી સહસ્રશઃ,
જે આભાસી વસ્તુઓથી અવગુંઠનમાં રહી
પોઢેલું છે પ્રકંપતું.
સ્પર્શે પ્રત્યેક એ કંપી ઊઠે છે ને કરે છે યત્ન જાગવા,
અને એ સુણશે એક દિન સૂર સુખ ને સંમુદાતણો
ને એ બાગે પ્રેયસીના પ્રફુલ્લિત બની જશે
જ્યારે શોધી કઢાયેલા પ્રભુ એના બંદી એને બનાવશે.
બલિષ્ઠ ધ્રૂજતી એક પરમાનંદ-કુંડલી
અગાધ વિશ્વના હૈયામહીં લાગી વિસર્પવા.
સ્વ-દ્રવ્યજડતામાંથી ને મનોમય સ્વપ્નથી
જાગી એ ને પ્રકાશેલા પ્રભુના મુખની પરે
પડી નજર એહની.

Savitri : 417-18



## અતિમાનસ ચેતના

શ્રેષ્ઠ રીતે સભાન અને શક્તિશાળી. તેજસ્વી, પોતાને વિશે નિશ્ચિત.

Botanical name: Hibiscus rosa-sinensis

**August 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | 31 | | | |
| | | | | | | |
| | | | | | | |



જે એકે વિશ્વ આ સર્જ્યું તે એનો નાથ નિત્યનોઃ
આપણાં સ્ખલનો એનાં પગલાં પંથની પરે;
આપણાં જીવનોમાં જે પલટા ઘોર આવતા
તે મધ્યે કાર્ય એ કરે,
યુદ્ધ ને શ્રમના ભારે શ્વાસોચ્છ્વાસો મધ્યે યે કાર્ય એ કરે,
આપણાં પાપ, દુઃખો ને અશ્રુઓની મધ્યે યે કાર્ય એ કરે,
એનું જ્ઞાન કરી દેતું રદ અજ્ઞાન આપણું;
પડે આપણને જે જે આભાસી રૂપ ધારવાં,
દુર્ભાગ્યો દઢ ને દૈવ ગમે તેવું હો ભલે વર્તમાનમાં,
તણાવો ને ક્લેશ છોડી બીજું કાંઈ
આપણે ના જોવા સમર્થ હોઈએ,
તે છતાં એ બધા મધ્ય થઈ આપણને જતું
દોરી એક મહાન માર્ગદર્શન.
આ વિશાળા ને વિભક્ત વિશ્વ કેરી સેવા પૂરી કર્યા પછી
પ્રભુનો પરમાનંદ ને છે ઐક્ય હકે સહજ આપણાં.
પંચાંગે તિથિ છે એક નક્કી અજ્ઞાતરૂપના,
વર્ષગાંઠ નિમાઈ છે પરમશ્રેષ્ઠ જન્મનીઃ
તડકી-છાંયડીમાંથી પોતે જે ગતિ છે કરી
તેને આત્મા વાજબી બતલાવશે,
અત્યારે જે નથી યા છે દૂર તે સૌ
સમીપસ્થ બની જશે.

Savitri : 59



## અતિમાનસ પ્રેમનું સૌંદર્ય (ઑરોવિલનું પુષ્પ)

**એ આપણને એની ઊંચાઈએ જીવન જીવવા નિમંત્રે છે.**

Botanical name: Hibiscus rosa-sinensis

**September 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | |
| | | | | | | |
| | | | | | | |



એક દિવસ મોરામાં થઈ દીપ્ત મુખ પ્રાકટય પામશે.
અજ્ઞાન આપણું જ્ઞાનાવસ્થાનો એક કોષ છે,
ભ્રમણા આપણી માર્ગે જતાં થાય સંલગ્ન નવ જ્ઞાન શું,
એનો અંધાર છે જ્યોતિ-ગ્રંથિ કાળાશ ધારતી;
સૂર્ય પ્રત્યે વળે છે જે વાટ ધૂસર તે પરે....

આનંત્યોમાંહ્યથી એક આવશે અગ્નિ ઊતરી,
દૂરની સર્વજ્ઞતાની મહીંથી બ્હાર નીકળી,
સ્પંદહીન આત્મલીન એકાકીના પ્રદેશથી
પ્રકટંતા પ્રકાશંતા સાગરોની પરે થઈ
સુમહત્તર વિજ્ઞાન દૃષ્ટિદાન દેશે જગતને અને
સત્-તાનું ને વસ્તુઓનું ઉર ઊંડું ઉજાળશે,
કાલાતીત જ્ઞાન એક મનને કાજ લાવશે,
લક્ષ્ય જીવનને, અંત અવિદ્યાને સમર્પશે.

Savitri : 257-58



## અતિમાનસીકરણ પામેલ મનોમય પૂર્ણતા

### દિવ્યીકરણ પામવાની અભીપ્સા સેવતી મનોમય પૂર્ણતા

Botanical name: Michelia champaca

**October 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 |
| 30 | 31 | | | | | |
| | | | | | | |



''અહો ! જરૂર એ એકવાર પોકાર આપણો
સુણીને આવશે અહીં,
જિંદગી આપણી એક દી નવેસર સર્જશે,
અને ઉચ્ચારશે સૂત્ર શાંતિનું જાદુએ ભર્યું,
ને વિશ્વની વ્યવસ્થામાં આણશે પરિપૂર્ણતા.
અવતાર લઈ એક દિન એ જીવને અને
પૃથ્વી પર પધારશે.
એની સહાયને માટે પોકાર કરતા જગે
આવશે એ નિત્ય કેરાં દ્વારોની ગુપ્તતા તજી,
ને અહીં લાવશે સત્ય મુક્તિ દેનાર આત્મને,
આનંદ લાવશે દિવ્ય દીક્ષા દેનાર જીવને,
ને પ્રેમના પ્રસારેલા બાહુઓના રૂપમાં બળ લાવશે.
એક દિન ઉઠાવી એ લેશે ભીષણતાભર્યો
પડદો જે છે સ્વસૌન્દર્યની પરે,
લાદશે વિશ્વના સ્પંદી રહેલા ઉપરની પરે
બળાત્કારે મહામુદા,
જ્યોતિ ને પરમાનંદ રૂપ ગુપ્ત સ્વરૂપ જે
છે પોતાનું તેને ખુલ્લું બનાવશે.''

Savitri : 200



## પૃથ્વી ઉપર અતિમાનસ અમરત્વ

આ હજુ સિદ્ધ થવાનું બાકી છે.

Botanical name: Helichrysum bracteatum

**November 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | | | |
| | | | | | | |
| | | | | | | |



દિન એક નિહાળીશ મારા મોટા અને મધુર વિશ્વને
દેવોના છળવેશોના ઘોર વાઘા ઉતારતું,
ત્રાસનો બુરખો કાઢી નાખતું ને
                    પાપ કેરો જામો દૂર ફગાવતું.
પ્રસન્ન આપણે જાશું મુખ પાસે આપણી અંબિકાતણા,
આપણા સરલાત્માઓ એને અંકે સમર્પશું;
લીધી છે પૂઠ જેની તે સંમુદાને લઈશું બાહુમાં તદા,
દીર્ઘ સમાથકી જેને શોધ્યો છે તે દેવે ત્યારે પ્રકંપશું,
અનપેક્ષિત તે વારે પામશું સૂર સ્વર્ગનો.
માત્ર વિશુદ્ધ દેવોને માટે આશા ન એકલી;
એક હૈયાથકી રોષભેર જેઓ નીચે કૂદી પડ્યા હતા,
ચૂકયા 'તા શુભ્ર દેવો જે તેની સંપ્રાપ્તિ સાધવા
તે ઉગ્ર તિમિરે ગ્રસ્ત દેવતાઓ સુધ્ધાંયે છે સુરક્ષિત;
એક માતાતણી આંખો ઠરી છે તેમની પરે
ને જે પ્રેમે પ્રસારેલો હસ્ત છે તે
            સ્વ-વિદ્રોહી સુતોનીય સ્પૃહા કરે.

Savitri : 613



## અતિમાનસ કાર્ય

**કાર્ય, જે પ્રતિબંધક નહિ પણ પૂર્ણ છે.**

Botanical name: Barringtonia asiatica

**December 2016**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 |
| | | | | | | |
| | | | | | | |



મૃત્યુ ! જીવ હજી થોડું, ઓજાર મુજ થા હજી.
દિન એક મનુષ્યેય
હૈયું તારું મૌન કેરું અગાધ અવબોધશે
ને સૌને છાવરી દેતી જાણશે શાંતિ રાત્રિની,
ગભીર જાણશે આજ્ઞાધીનતા એ
                ઋતધર્મ નિત્યનો અનુવર્તતી,
અને તારી દૃષ્ટિકેરી શાંત આણનમા દયા.
પરંતુ હવણાં તું જે છે અકાલ બલિષ્ઠતા
                તે રહે બાજુએ ખડો,
અને તું માર્ગ છોડી દે મારી સંમૂર્ત્ત શક્તિનો.
તારા કાળા છદ્મમાંથી કર છૂટો દેદીપ્યમાન દેવને;
કર છૂટો વિશ્વ કેરા આત્માને-સત્યવાનને,
મુક્ત તારા ગ્રાહમાંથી દુઃખ ને અજ્ઞતાતણા,
કે જીવન અને ભાગ્ય કેરો ઈશ બનીને સ્થિત થાય એ
પ્રભુના ગૃહમાં પ્રતિનિધ્ય ધારી મનુષ્યનું,
બની પ્રજ્ઞાતણો સાથી, બની પતિ પ્રભાતણો,
સનાતન વધૂ કેરો બની વર સનાતન.''

Savitri : 666



**પ્રશ્ન :** હું અહીં (મુંબઈમાં) એકાગ્રતાપૂર્વક બેસવાનો પ્રયત્ન કરું છું; પરંતુ હું શ્રી માતાજીને પ્રણામ કર્યા સિવાય કશું પણ કરી શકતો નથી. શું હું સાચી રીતે આગળ વધી રહ્યો છું ?

**ઉત્તર :** એમને લખી જણાવો કે તેઓ જે કરી રહ્યા છે તે બિલકુલ બરાબર છે. શ્રી માતાજીને પ્રણામ કરતી વખતે તેમણે શ્રી માતાજીની અસર પરત્વે, તથા એમની અંદર થતા શ્રી માતાજીના કાર્ય પરત્વે ખુલ્લા થવાની અભીપ્સા સેવવી જોઈએ અને શ્રી માતાજીના કાર્ય વિશે સભાન બનવું જોઈએ.

CWSA 32 : 566-67

# દર્શન દિવસો

જ્યારે શ્રી અરવિન્દ દર્શન  આપતા હતા, ત્યારે — તે પહેલાં હંમેશાં અમુક શક્તિઓની અથવા અમુક સાક્ષાત્કારની એકાગ્રતા થતી હતી — જે શક્તિઓ અથવા સાક્ષાત્કાર તે બીજા લોકોને આપવા માગતા હતા તેમની આમ પ્રત્યેક દર્શનદિવસ એ આગળની અવસ્થા દર્શાવતો હતો. દરેક દર્શન દિવસે કશું ઉમેરવામાં આવતું હતું. પણ ત્યારે મુલાકાતીઓની સંખ્યા બહુ જુજ હતી. અને વ્યવસ્થા બીજી જ રીતે કરવામાં આવતી હતી. તે જરૂરી તૈયારીનો એક ભાગ હતો.

પણ આ ખાસ એકાગ્રતા હવે ખાસ દર્શન-દિવસો પર નહિ, પણ અન્ય સમયે થતી હોય છે. ઘણી વાર તે બીજા સંજોગોમાં થતી હોય છે. તે ગતિ બહુ ઝડપી બનાવાઈ છે, આગેકૂચ ઝડપી બની છે, ક્રમિક અવસ્થાઓ એક પછી બીજી વધારે ઝડપથી આવતી હોય છે. કદાચ તેને અનુસરવાનું કાર્ય વધારે કઠિન છે. જો માણસ સાવધાન ન રહે, તો તે વધારે ઝડપથી પાછો પડી જાય છે; તેને એમ લાગતું હોય છે કે હું મોડો પડ્યો, અથવા મને ત્યજી દેવામાં આવ્યો. વસ્તુઓમાં ઝડપથી પરિવર્તન થાય છે.

**પણ માતાજી, તમે દરેક દર્શનદિન પર જે સંદેશ આપો છો, તેની અર્થવત્તા શી છે ? દા.ત. આજે તમે અતિમાનસ આવિર્ભાવના પ્રતીકરૂપ પુષ્પનું ચિત્ર આપ્યું.[૧]**

હા, મેં તમને હમણાં જ કહ્યું તેમ આ પુષ્પના ચિત્રની હજારો નકલો આખી  દુનિયામાં વહેંચવામાં આવી છે. તે વસ્તુનું એક બાહ્યીકરણ છે, તે અસરને — સંદેશને પ્રસારિત  કરવાનો એક પ્રકાર છે. દર્શન પરના સંદેશમાં જે કાંઈ કહેવામાં આવ્યું હોય છે તેનું પહેલાં અધ્યયન કરવામાં આવતું હોય છે, તેની કસોટી કરવામાં આવતી હોય છે, તેની સાબિતી સિદ્ધ કરવામાં આવતી હોય છે. પછી દર્શન-દિવસે તે  સંદેશ આપવામાં આવતો હોય છે. પ્રથમ તેનો પ્રયોગ કરવામાં આવે છે અને પછી જ તેની જાહેરાત કરવામાં આવે છે. પ્રથમ ગતિ વ્યક્તિનો વિકાસ છે, દર્શન-સમયે તેને વિદેશમાં પ્રસારિત કરવામાં આવે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ : ૨૪૬-૪૭)

---

૧. હેમાન્થસ પુષ્પ, જે દડા જેવું હોય છે, અને જેમાં સેંકડો રાતાં અને સોનેરી કેસરો હોય છે.

....આ પ્રસંગોએ (દર્શન દિવસોએ) શ્રી અરવિન્દના આશીર્વાદ મેળવ્યા બાદ અન્ય લોકો સાથે ભળીને, વાતો કરીને આશીર્વાદ બહારની બાજુએ નાખી દેવાને બદલે એકાગ્ર રહીને પોતાનો આનંદ પોતાના અંતરમાં જાળવી રાખવો એ વધુ સારું છે. જે અનુભૂતિઓ વિશે આપણે વાત કરીએ છીએ તે અદૃશ્ય થઈ જાય છે અને એ અનુભૂતિઓ આપણે માટે જે ફાયદો કરાવી શકી હોત તેને આપણે ગુમાવી દઈએ છીએ. (CWM 16 : 86-87)

**પ્રશ્ન :** મધુર માતાજી, એપ્રિલ ૨૪ના દર્શન માટે મારે મારી જાતને કેવી રીતે તૈયાર કરવી જોઈએ ?

તમારી અંદર ધ્યાનપૂર્વક નિહાળો અને તમારે માટે સૌથી મહત્ત્વની વસ્તુ શું છે — જે વસ્તુ વગર તમે રહી ન શકો — તે શોધી નાખો.

એ એક રસદાયી શોધ છે. (CWM 16 : 334)

**પ્રશ્ન :** મધુર માતાજી, વ્યક્તિએ દર્શન દિવસો, ડિસેમ્બર ૫, અને ૯ તથા પોતાનો જન્મદિવસ કઈ રીતે પસાર કરવા જોઈએ ?

સામાન્ય જ્ઞાન કરતાં વધુ સાચું જ્ઞાન શોધી કાઢવામાં પસાર કરવા જોઈએ.

૫ને ૯ ડિસેમ્બર મૃત્યુ શું છે તે સમજવામાં. જન્મદિવસ જીવનનો હેતુ શોધી નાખવામાં.

આશીર્વાદ.

**પ્રશ્ન :** કોઈકે મને જણાવ્યું હતું કે ૧૫ ઑગસ્ટ, દર્શન માટે માત્ર દસ દિવસ બાકી રહ્યા છે. મેં પ્રત્યુત્તર વાળ્યો હતો. પ્રત્યેક દિવસ ૧૫ ઑગસ્ટ તરીકે ગણવો જોઈએ.

એ છે સાચું વલણ. પ્રત્યેક દિવસ એવો દિવસ ગણવો જોઈએ કે જે દિવસે અવતરણ થઈ આવે અને ઉચ્ચ ચેતના સાથે સંપર્ક સાધી શકાય. આમ થતાં ૧૫ ઑગસ્ટ વધુ સફળ બની રહેશે.

શ્રી માતાજી

૧૫ ઑગસ્ટની વાત કરીએ એ તો ઠીક, એ દિવસને વધુ પડતું મહત્ત્વ આપશો નહિ, જે દિવસ છેવટે તો અંગત પ્રસંગને બદલે સામાન્ય પ્રસંગ જ છે. વ્યક્તિગત રીતે વર્ષનો કોઈ પણ દિવસ ૧૫ ઑગસ્ટનો દિવસ બની રહે — એટલે કે જન્મદિવસ — અથવા તો આંતર સ્વરૂપમાં રહેલ કંઈક વસ્તુનો જન્મ દિવસ. આ પ્રકારની લાગણી સાથે વ્યક્તિએ સાધના કરવી જોઈએ.

(CWSA 35 : 523)

# દર્શન અને પ્રણામ

પ્રભુના દિવ્ય પ્રેમમાં પહોંચવા માટે, પ્રભુની ભક્તિમાં પહોંચવા માટે સ્થૂલ સાધનો (દર્શન અને પ્રણામ વખતના સ્પર્શ જેવાં) ઉપયોગમાં લઈ શકાય છે અને લેવામાં આવે પણ છે. આ વસ્તુઓને માનવની કમજોરી ઉપર એક રહેમની દૃષ્ટિએ થવા દેવામાં આવે છે એવું લેશ પણ નથી, અથવા તો એ વાત પણ ખરી નથી કે ચૈત્ય ભૂમિકાના વ્યવહારમાં આવી વસ્તુઓને કશું સ્થાન જ નથી. ઊલટું, પ્રભુ પાસે જવા માટે, પ્રભુ પાસેથી પ્રકાશ ઝીલવા માટે, ચૈત્ય ચૈતનાનો સ્પર્શ સ્થૂલમાં મૂર્ત કરવા માટે આ વસ્તુઓ ખરેખર સાધન રૂપ બની શકે છે. અને એમનો ઉપયોગ જ્યાં સુધી સાચી ભાવનાપૂર્વક અને સાચા હેતુને ખાતર કરવામાં આવે ત્યાં સુધી તેમનું સ્થાન પણ રહે જ છે. આ સાધનોનો જો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે યા તો માણસોના વર્તનમાં જો લાપરવાહી યા જડતા આવી જાય, તેમનામાં જો બંડ યા તો વિરોધની વૃત્તિ જાગે કે પછી કોઈ સ્થૂલ વાસના જાગે તો જ એ સાધનો પણ કામનાં રહેતાં નથી, અને તેનું ઊલટું પરિણામ આવી શકે છે. શ્રી માતાજીએ લોકોને આ બાબતની હંમેશાં ચેતવણી આપેલી છે અને આવું બને છે માટે જ પોતે આ પ્રસંગો હરેકને માટે સહેલાઈથી ખુલ્લા મૂકવા માગતાં નથી એમ જણાવેલું છે.

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ : પૃ : ૧૧૧) શ્રી અરવિન્દ

*

દર્શનની શ્રેષ્ઠ રીત તો એ છે કે સાધકે એકદમ અંતર્મુખ તથા શાન્ત બની રહી શ્રી માતાજી જે આપે છે તેના પ્રતિ ખુલ્લા થવું.

(CWSA 32 : 569)

# નૂતન વર્ષનું ધ્યાન

પ્રત્યેક પળે જગતમાંની સર્વ અદષ્ટ વસ્તુઓ, ન ધારેલી, ન જાણેલી વસ્તુઓ અમારા સમક્ષ આવી રહેલી છે. પ્રત્યેક પળે વિશ્વ એના સમગ્ર રૂપમાં તથા તેના એકેએક અંશમાં નવું સર્જન પામી રહેલું છે. અને જો અમારામાં સાચી જીવંત શ્રદ્ધા હશે, જો અમારામાં તારી સર્વશક્તિમત્તાને વિશે તથા તારી અનન્ય વાસ્તવિકતાને વિશે સંપૂર્ણ નિશ્ચિતતા હશે, તો તારો આવિર્ભાવ પ્રત્યેક પળે એટલો તો દેખાઈ આવે તેવો બનશે કે સારુંયે વિશ્વ એક નવું રૂપ લેશે. પરંતુ અમે અમારી આસપાસ જે કાંઈ આવી રહેલું છે અને અમારા પહેલાં બની ગયેલું છે તેના એટલા તો દાસ બની ગયેલાં છીએ, અમે આવિર્ભાવ પામેલી વસ્તુઓના સારાયે સમૂહ દ્વારા એટલા બધા તો ઘડાઈ ચૂકેલાં છીએ, અને અમારી શ્રદ્ધા એટલી તો દુર્બળ છે કે અમે રૂપાંતરના મહાન ચમત્કારમાં માધ્યમો બનવા માટે હજી અસમર્થ છીએ... પરંતુ, પ્રભુ હું જાણું છું કે આ વસ્તુ એક દિવસે બનવાની છે. હું જાણું છું કે એક દિવસ એવો આવશે કે જ્યારે અમારી પાસે જેઓ આવશે તે સર્વનું તું રૂપાંતર કરી દેશે; તું એમનું એવું તો સંપૂર્ણ રૂપાંતર કરી દેશે કે ભૂતકાળનાં બંધનોમાંથી સંપૂર્ણ મુક્ત બનીને, તેઓ તારી અંદર એક પૂરેપૂરું નવીન જીવન જીવતા થઈ જશે. કેવળ તારામાંથી જ બનેલું એવું જીવન, તું જેનો પરમ સ્વામી હશે તેવું જીવન જીવતા થઈ જશે. અને એ રીતે મુશ્કેલીઓ પ્રશાંતિમાં પલટાઈ જશે, સર્વ શંકાઓ નિશ્ચિતતા રૂપ થઈ જશે, સર્વ કુત્સિતતાઓ સંવાદિતાઓ બની જશે, સર્વ અહંકારો આત્મ-સમર્પણ બની જશે, સર્વ અંધકારો પ્રકાશ બની જશે અને સર્વ યાતનાઓ એક અવિચલ સુખ બની જશે.

પરંતુ આ ભવ્ય ચમત્કાર તું શું ક્યારનોય સિદ્ધ નથી કરી રહ્યો ? એ ચમત્કારને હું અમારી આસપાસ સર્વત્ર ખીલી રહેલો જોઉં છું !

ઓહ ! પ્રેમ અને સૌન્દર્યના હે દિવ્ય નિયમ, હે પરમ મુક્તિદાત્રી, તારી શક્તિના માર્ગમાં એક વિઘ્ન રહેલું નથી. તારા સતત થઈ રહેલા વિજયનું અમને બળવાન કરી આપે તેવું દર્શન કરવામાં અમને કેવળ અમારી અંધતા જ રોકી રહી છે.

મારું હૃદય પ્રસન્નતાનું એક ગીત ગાઈ રહ્યું છે અને મારું ચિત્ત આનંદથી પ્રકાશિત બની ગયું છે. તારો પરાત્પર, અદ્ભુત પ્રેમ જગતનો પરમ સ્વામી રહેલો છે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : પૃ. ૩૯-૪૧)

# વર્ષ-૨૦૧૬ના વિશિષ્ટ દિવસો

| | | |
|---|---|---|
| ૧ જાન્યુઆરી | : | નૂતન વર્ષ દિવસ |
| ૨૧ ફેબ્રુઆરી | : | શ્રી માતાજીનો ૧૩૮મો જન્મ દિવસ (દર્શન દિવસ) |
| ૨૮ ફેબ્રુઆરી | : | ઑરોવિલનો ૪૮મો સ્થાપના દિવસ |
| ૨૯ ફેબ્રુઆરી | : | અતિમાનસ અવતરણની ૧૫મી વર્ષગાંઠ (પ્રત્યેક ચાર વર્ષે એક) |
| ૨૯ માર્ચ | : | શ્રી માતાજીના પોંડિચેરી આગમન તેમ જ શ્રી અરવિન્દ સાથેની મુલાકાતની ૧૦૨મી વર્ષગાંઠ |
| ૪ એપ્રિલ | : | શ્રી અરવિન્દના પોંડિચેરી આગમનની ૧૦૬મી વર્ષગાંઠ |
| ૨૪ એપ્રિલ | : | શ્રી માતાજીના પોંડિચેરી આગમન (છેવટનું) ની ૯૬મી વર્ષગાંઠ (દર્શન દિવસ) |
| ૧૫ ઑગસ્ટ | : | શ્રી અરવિન્દનો ૧૪૪મો જન્મ દિવસ (દર્શન દિવસ) |
| ૧૯ સપ્ટેમ્બર | : | શ્રી અરવિન્દ સોસાયટીની સ્થાપનાની ૫૬મી સંવત્સરી |
| ૧૭ નવેમ્બર | : | શ્રી માતાજીનો મહાસમાધિ દિવસ |
| ૨૦ નવેમ્બર | : | શ્રી માતાજીના દેહને સમાધિસ્થ કરવામાં આવ્યો |
| ૨૪ નવેમ્બર | : | સિદ્ધિ દિવસ. શ્રી કૃષ્ણ ચેતનાનું જડ દ્રવ્યમાં અવતરણ. ૧૯૨૬ : આશ્રમની સ્થાપના (દર્શન દિવસ) |
| ૫ ડિસેમ્બર | : | શ્રી અરવિન્દનો મહાસમાધિ દિવસ |
| ૯ ડિસેમ્બર | : | શ્રી અરવિન્દના દેહને સમાધિસ્થ કરવામાં આવ્યો. |

વિશિષ્ટ દર્શન દિવસ : ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૬

## અતિમાનસ આવિર્ભાવ (પ્રભુનો દિવસ)

* * *

# દિન એક

(જરા વધુ)

દિન એક વધુ અને બધું          અધ-મૂવું થઈ ખત્મ હા જશે,
દિન એક વધુ અને બધું          અણજાયું નિજ જન્મ પામશે.
પથ અલ્પ વટાવવો અને          ત્યહીં લક્ષ્યની સિદ્ધિ છે મહા,
ત્યહીં સ્પર્શ સુલભ્ય તે ખડો,     દઈ દે દિવ્ય સમગ્રને જે.
ચડિયાં શિખરો પછી શિખર     ત યહીં દેખો અબ છેલ્લું શૃંગ તે,
ત્યહીં ચંડ કરાળ એ શિલા,     ન  જ્યહીં પદ માનવી પડ્યો.
ડગલું વધુ એક ને પછી          બધું યે બધું આભ ને પ્રભું

અનુ. સુન્દરમ

શ્રી અરવિન્દ

દરેક વ્યક્તિ સાથે શ્રી માતાજી તેની જરૂર અને પ્રકૃતિ પ્રમાણે જુદી જુદી રીતે કામ કરે છે, કોઈ નક્કી કરેલા મનોમય નિયમ મુજબ નહિ. બધાં જ માણસો જાણે કે સંચા જેવાં છે અને તેમને તમારે એક જ રીતે અડવાનું છે, એક જ રીતે તેમની સાથે કામ લેવાનું છે એમ સમજી દરેકની સાથે શ્રી માતાજી એકની એક જ વસ્તુ કરતાં રહે એ તો ઘણી જ બેહૂદી વાત બની જાય. શ્રી માતાજી જે કરે છે એનો અર્થ એમ કદી થાય જ નહિ કે તેમને એક કરતાં બીજા ઉપર વધુ પ્રેમ છે યા તો જે લોકોને અમુક રીતે સ્પર્શ આપે છે તે બીજા સાધકો કરતાં વધારે સારા કે ઓછા સારા છે. સાધકો આ રીતે માનતા હોય છે તેનું કારણ એ છે કે તેઓ અજ્ઞાન અને અહંકારથી ભરેલા છે. સાધકોએ શ્રી માતાજીએ પ્રણામ વખતે એકના ઉપર વધારે પ્રેમ રાખ્યો, બીજા પર ઓછો રાખ્યો એવા વિચારો કર્યા કરવાને બદલે, તેમ જ શ્રી માતાજી શું શું કરે છે તેની સરખામણી કે નિરીક્ષણ કર્યા કરવાને બદલે પોતે શ્રી માતાજીના પ્રભાવને કેટલો આધ્યાત્મિક રીતે ઝીલે છે એ જ વસ્તુ ઉપર એકાગ્ર બની રહેવું જોઈએ. પ્રણામ માત્ર આ જ વસ્તુ માટે છે, સાધના સાથે કશી લેવા દેવા વિનાની આ બીજી બધી વસ્તુઓ માટે નહિ.

ઈર્ષા અને અદેખાઈ એ માનવ પ્રકૃતિમાં બધે જ રહેલાં છે પરંતુ એ જ વસ્તુઓને સાધકે પોતામાંથી ફેંકી દેવાની છે. અને પોતે એમ ન કરે તો પછી માણસે સાધક જ શા માટે થવું જોઈએ ? લોકો અહીં ભગવાનની ખોજને માટે આવે છે – પરંતુ પ્રભુપ્રાપ્તિ માટેની આ સાધનામાં તો ઈર્ષા , અદેખાઈ, ક્રોધ ઇત્યાદિ વસ્તુઓને કશું જ સ્થાન હોઈ શકતું નથી. આ બધી અહંકારની ક્રિયાઓ છે. અને પ્રભુ સાથે મિલન સાધવામાં તે માત્ર વિઘ્નો ઊભાં કરવાનું જ કામ કરે છે.

તમારે માટે વધુ ઈષ્ટ વાત તો એ છે કે તમે પ્રભુ મેળવવાને માટે આવેલા છો, અને એ વસ્તુને જ તમારે તમારા જીવનનો સંચાલક વિચાર, તમારા જીવનનું લક્ષ્ય બનાવી દેવાનું છે એ વાતને સ્મરણમાં રાખવી. બીજી કોઈ વસ્તુ કરતાં આ વસ્તુ જ શ્રી માતાજીને વધુ આનંદ આપે છે. તેમની મહેરબાની મેળવવા માટે આવી બધી અદેખાઈઓ, ઈર્ષાઓ અને હરીફાઈઓ કરવી એથી તો તેઓ કેવલ નાખુશ અને દુઃખી જ થાય.

શ્રી અરવિન્દ

(શ્રી માતાજી દિવ્ય સ્વરૂપ પૃ. ૧૧૬-૧૭)

(વર્ષ ૦૨ : અંક ૧)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન ડોલર ૧૫

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઈન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.